**DATE: 08/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 24.30 લાખનો મુદ્દામાલ જપ્ત કરી 3 ની અટકાયત કરાઇ

# ચાંચવેલની બંધ હોટલમાંથી સળિયા લઈ જતા બે ટ્રેલરને પોલીસે અટકાવ્યાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

વાગરા પોલીસે મુલેર ચોકડી પાસેથી એક ટ્રેલરને રોકી તલાશી લેતાં તેમાંથી ટીમને સળિયાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. જેના પગલે ટીમે ટ્રેલરના ચાલકનું નામ નાનેશ્વર છગન પાટીલ (રહે. રેશમી વિહાર, નારોલ, અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. જ્યારે તેની સાથેના ક્લિનરનું નામ વંશ ઉર્ફે રીક્કી જીવણકુમાર દેવરાજ (રહે. પઠાણકોટ, પંજાબ) હોવાનું માલુમ પડ્યું હતું. અંગે તેની પાસે કોઈ કાગળ નહીં મળતાં તે અંગે પુછતાં જણાવ્યું હતું કે, તેના મિત્ર ટ્રેલર ચાલકે મુલેરથી ચાંચવેલ જવાના રોડ પર એક બંધ હોટલમાં સળિયાનો જથ્થો ઉતાર્યો હતો. જેથી ટીમે તેને સાથે રાખી સ્થળ પર ત્યાં અન્ય એક ટ્રેલર હોવાનું માલુમ પડ્યું હતું. જેથી ટીમે તેના ચાલકનું નામ પુછતાં તેનું નામ ધનારામ પુનમારામ ચૌધરી (રહે. સિયોલોન, બાડમેર, રાજસ્થાન) હોવાનું માલુમ પડયું હતું. ટીમે બન્ને પાસેથી કુલ 2.30 લાખની મત્તાના 5750 કિલો સળિયા



તેમજ બન્ને ટ્રેલર મળી કુલ 24.30 લાખનો મુદ્દામાલ ટીમે 41(1)ડી હેઠળ જપ્ત કરી ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી તેઓ સળિયાનો જથ્થો ક્યાંથી લાવ્યાં, તેના આધારપુરાવા છે કે કેમ તે સહિતની વિગતો મેળવવાના પ્રયાસ શરૂ કર્યાં છે.

**DATE: 08/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### માંસના જથ્થાને પરીક્ષણ માટે મોકલાયું

# અંકલેશ્વરમાં શંકાસ્પદ ગૌમાંસ સાથે એક ઝડપાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે બાતમીના આધારે અંકલેશ્વરના કાગદીવાડમાંથી શંકાસ્પદ ગૌમાંસના જથ્થા સાથે એકને ઝડપી પાડ્યો હતો.પોલીસે પકડાયેલા શંકાસ્પદ માસના જથ્થાને પૃથ્થકરણ અર્થે મોકલી વધુ તપાસ આરંભી છે.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ નો કાફ્લો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ક્ષઅંકલેશ્વર શહેરના કાંદીવાડમાં આવેલ જાવેદ સ્ટોર નામની કરિયાણાની દુકાન સામે મકાનમાં ચિકન-મટન વેચવાની દુકાનમાં મોહમ્મદ સિદીક ફકીર મોહમ્મદ કુરેશીનાઓ પોતાની દુકાનમાં ગૌ-માંસનું વેચાણ કરે છેખ જે બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા જેમાં દરોડા દરમિયાન પોલીસને ૩૮ કિલો જેટલો શંકાસ્પદ ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે આ માંસનો જથ્થો ગૌમાંસ જ છે કે કેમ ? એ બાબતે ચોક્કસાઈ કરવા પકડાયેલ શંકાસ્પદ માંસને પરીક્ષણ અર્થે મોકલી આપી સ્થળ પર હાજર મળી આવેલ મોહમ્મદ સિદીક ફકીર મોહમ્મદ કુરેશી ઉ.વ-૫૭ રહે:- મકાન નંબર-૪૩,ચાંદની પાર્ક-૧,કાગદીવાડ પાસે અંકલેશ્વર નાઓને ઝડપીપાડી વધુ તપાસ આરંભી છે.

## ૩૮ કિલો શંકાસ્પદ ગૌમાંસનો જથ્થો મળી આવ્યો

**DATE: 08/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAAR PAGE-01**

# સારંગપુર ગામમાં દારૂના ગુનામાં વધુ એક આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૭

અંકલેશ્વરના જીઆઈડીસી પોલીસે જીતાલી ફાટક પાસે ઝડપી પડેલ વિદેશી દારૂના સહીત બે બુટલેગર મામલે વધુ એક બુટલેગરની અટકાયત કરી તપાસ હાથ ધરી હતી.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગત તા.૨૯ માર્ચના રોજ જીતાલી ફાટક પાસેથી ગેરકાયદેસર રિક્ષામાં લઈ જવાતા રૂપિયા દોઢ લાખ ઉપરાંતના વિદેશી દારૂના મુદ્દામાલ મામલે બે બુટેલગર મલો વસાવા અને દિલીપ વસાવાની અટકાયત કરી હતી.જેમાં પોલીસની તપાસ દરમિયાન વધુ એક નવાગામના બુટલેગર મિતેષ વસાવાનું નામ સામે આવ્યુ હતુ.જેને ભરૂચ એલસીબી પોલીસે અંકલેશ્વર શહેરના ભરૂચીનાકા વિસ્તારથી ઝડપી જીઆઈડીસી પોલીસને સોંપ્યો હતો.

**DATE: 08/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચ એક સગીર સહિત કુલ 4 આરોપી ઝડપાયાં, હેક્સો બ્લેડથી પાઇપ કાપી વેચી નાખતાં

# દહેજમાંથી વર્ષ પહેલાં 5 લાખની પાઇપ ચોરી કરનારી ટોળકી અંસાર માર્કેટમાંથી ઝડપાઇ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

દહેજ ખાતે જૂદી જૂદી કંપનીઓમાંથી નિકળતાં વેસ્ટ પાણીની લાઇન નાંખવાની કામગીરી ચાલી રહી હતી.ત્યારે ગત વર્ષે એમ્બીઓ કંપની પાસે આવેલી પમ્પિંગ સ્ટેશન પાસે 5 લાખની મત્તાના 564 મીટર પાઇપ કોઇ ભંગાર ચોર ટોળકી ચોરી કરી ગઇ હતી. જેના પગલે ગત વર્ષે 28મી જાન્યુઆરીએ દહેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી.

દરમિયાનમાં ભરૂચ એલસીબીની ટીમને ટીપ મળી હતી કે, દહેજની પ્લાસ્ટિકની પાઇપ ચોરીમાં અંકલેશ્વર અંસાર માર્કેટમાં ભંગારના ગોડાઉનમાં કામ કરતાં કેટલાંક શખ્સો તેમજ દલાલી કરતાં વેપારીની સંડોવણી છે. જેના આધારે ટીમે ચાર જણાને ઝડપી પાડ્યાં હતાં. જોકે, તે પૈકીનો એક કાયદાના સંઘર્ષમાં આવતો હોઇ અન્ય ત્રણ આરોપીઓ ઇમરાન અકબર સિદ્દીક મુન્શી, (રહે. કાપોદ્રા), અમન ઇકબાલ અબ્દુલ રઉફ સિદ્દીક (રહે. ભડકોદ્રા) તેમજ મહંમદ દાઉદખાન મહમંદ અમીનખાન (રેહ. ભડકોદ્રા) નાઓએ જણાવ્યું હતું કે, દહેજમાં પાઇપનું કામ ચાલુ હોઇ અંસાર માર્કેટના ભંગારની કમિશન પેટે દલાલી કરતાં લોકો સાથે મળી માલ લેવાનું નક્કી થતાં રોજ તેઓ ગાડી લઇને દહેજ જતાં હતાં. જ્યાં હેક્સો બ્લેડથી પાઇપ કાપી રાતોરાત અંકલેશ્વર આવી તે વેચી દેતાં હતાં. જેમાં દયા ઉર્ફે શીવશંકર લક્ષ્મણ ચોરસિયા (રહે. અંદાડા) ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 09/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરના ભંગારીયાની અટકાયત, આંબોલીનો તસ્કર વોન્ટેડ

# સંજાલીના ગુડસ ટ્રેનના સ્ટેશન નજીક થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર આંબોલી રોડ પર આવેલ ફ્રેટ કોરિડોરના ન્યુ સંજાલી રેલ્વે સ્ટેશન ખાતે 1 લાખ ઉપરાંતના સામાનની ચોરીનો ભેદ ઉકેલાયો છે.

ગોયાબજારમાં આવેલ ભંગારના વેપારી અબ્દુલ મજીદ શેખના પટેલ હાઉસ ભંગારમાં ચોરીનો સમાન પડ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી



જેના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. દુકાનમાંથી લોખંડના પટ્ટા, લોખંડના પાઈપ સહિતનો સામાન મળી આવ્યો હતો. ભંગારીયાના વેપારીની પૂછપરછ કરતાં તેણે આંબોલીનો અલ્પેશ ઉર્ફે ગુંડો વસાવા તારીખ 6 એપ્રિલના રોજ સવારે આવીને વેચી ગયો હોવાની કબૂલાત કરી હતી. આ સામાન ભંગારીયા એ માત્ર 8 હજાર માં વેચાણ થી લીધો હોવાની કબૂલાત કરી હતી. જે આધારે પોલીસે ભંગારીયા અબ્દુલ મજીદ શેખની ધરપકડ કરી હતી તેમજ આંબોલીના અલ્પેશ ઉર્ફે ગુંડો ગોકુળ વસાવાને વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 09/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વરમાં શિશુ અને દિવ્યાંગ માતાનું પરિવાર સાથે મિલન

## પોલીસ અને ટ્રસ્ટ દ્વારા પરિવાર સાથે મિલન કરાવાયું

અંકલેશ્વર : અંકલેશ્વર બી ડિવિઝન અને જન સેવા પ્રભુ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અંકલેશ્વરમાંથી ૧૬ દિવસ પહેલા મળેલી અસ્થિર મગજની બીમારીથી પીડાતી મહિલાને તેના પરિવાર સાથે સુખદ મીલન કરાવ્યુ હતું.

ગત તારીખ-૨૪મી માર્ચના રોજ અંકલેશ્વરની હોટલ પાસેથી એક માત્ર દોઢ દિવસનું નવજાત બાળક ત્યજી દીધેલી હાલતમાં મળી આવ્યું હતું જે બાળકીને અંકલેશ્વરની મમતા હોસ્પિટલમાં ખસેડી અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે નજીકના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી બાળકની માતાને શોધી કાઢી હતી. જે મહિલા અસ્થિર મગજની હોવા સાથે તેણીને પ્રથમ ભરૂચની સખી વન સેન્ટર ખાતે ખસેડવામાં આવી હતી.

જ્યાં મહિલાને રહેવાની તકલીક ઊભી થતાં જન સેવા પ્રભુ સેવા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ રજનીશસિંગ અને પોલીસ દ્વારા સુરતની માનવ સેવા ટ્રસ્ટ ખાતે ખસેડવામાં આવી હતી. મહિલાની સારવાર બાદ તે મધ્ય પ્રદેશની રહેવાસી હોવા સાથે તે સુરતમાં ઈંટના ભઠ્ઠા ઉપર કામ અર્થે આવી હતી. જેથી પોલીસે અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા મહિલાના પરિવારને સંપર્ક કર્યો હતો અને આજરોજ સોમવારે તેણીને પરિવાર સાથે સુખદ મીલન કરાવ્યુ હતું.

**DATE: 09/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વાપી જીઆઇડીસીમાંથી ભરૂચ પોલીસે દબોચી લીધો

# અંકલેશ્વર નેપ્થા પ્રકરણમાં ફરાર આરોપી 20 વર્ષ બાદ ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ જીલ્લાના અંકલેશ્વર જીઆઈડીસીમાં2003માં પુરવઠા ખાતાએ પકડેલી ગાડીની ખોટી બીલ્ટી બનાવી નેપ્થાના માલને સગેવગે કરવાના ગુનામાં છેલ્લા 20 વર્ષથી નાસતા-ફરતા આરોપીને ભરૂચ એ ડીવીઝન પોલીસે વલસાડ જીલ્લાના વાપીથી ઝડપી પાડયો છે. જિલ્લામાં નાસતા-ફરતા આરોપી શોધી કાઢવા એક ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે.જેના અંતર્ગત ભરૂચ એ ડીવીઝન પોલીસને માહિતી મળી હતી કે,અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકના વર્ષ 2003 માં જિલ્લા પુરવઠા અધિકારીએ અંકલેશ્વરમાંથી એક નેપ્થા ભરેલા ગાડીને પકડી હતી.જેમાં બિલ્ટીમાં એમપીથી કર્ણાટક માલ લઈ જવાની ખોટી માહિતી હતી.તેમાં જે કેમિક્લ હતું તે અલગ હોય તેના પર કેશ દાખલ થયો હતો.આ ગુનાનો આરોપી અને સુરતના નવાગામનો શીવ કુમાર વિજય શંકર યાદવ કે જે 20 વર્ષથી નાસતો ફરતો હતો તેને વાપી જીઆઈડીસીમાંથી ઝડપી લેવાયો હતો.

**DATE: 10/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# જંબુસરમાં મુસ્લિમોના પવિત્ર રમજાન ઈદ પર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**જંબુસર**

જંબુસર પોલીસ દ્વારા આગામી રમજાન ઈદ ના પર્વ ને અનુલક્ષી ને પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. પાણમીયાના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

આગામી દિવસોમાં મુસ્લિમોના પવિત્ર રમજાન ઈદની ઉજવણી થનાર હોય આ તહેવાર ની શાંતિપૂર્ણ માહોલમાં એકતા ભાઈચારાથી ઉજવણી થાય તે માટે જંબુસર પોલીસ દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર એ વી પાણમિયાની ઉપસ્થિતિ માં શાંતિ સમિતિ બેઠક જંબુસર પોલીસ સ્ટેશન ખાતે યોજાઈ હતી. જેમાં પી.એસ.આઈ. કે.બી રાઠવા,પી.એસ.આઈ. પી એન વલવી ઉપસ્થિત રહ્યા હતા. શાંતિ સમિતિ બેઠકમાં રમજાન ઈદનો તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી થાય તથા આ તહેવાર નિમિત્તે યોજાતા મેળામાં ફાયર સેફ્ટી તથા ચકડોળવાળા પાસે જરૂરી ફીટનેસ સર્ટિ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. જંબુસર નગરમાં હિંદુ મુસ્લિમ તહેવારો એકતા અને ભાઈચારાથી ઉજવણી કરવામાં આવે છે. અને આગામી રમજાન ઈદનો તહેવારપણ શાંતિપૂર્ણ માહોલમાં એકતાથી ઉજવણી થશે તેમ ઉપસ્થિત અગ્રણીઓએ જણાવ્યું હતું. આ મિટિંગમાં ઈમ્તિયાઝ સૈયદ,સાકીર મલેક ,ચંદ્રકાંતભાઈ પટેલ, મનનભાઈ પટેલ ,કાદરબેગ મિર્ઝા, જીગર રાણા, સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

**DATE: 10/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાલિયાના મેરા ગામે મહુડા ફળિયામાં રહેતો મહેશ ગોમાન વસાવા પોતાના ઘરની આગળ ઓટલાં પર સટ્ટા બેટિંગનો આંકડાનો જુગાર રમાડતો હોવાની બાતમી વાલિયા પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી મહેશ વસાવાને ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી આંકફરકના આંકડા લખેલી ચિઠ્ઠીઓ સહિતનો મુદ્દામાલ તેમજ રોકડા 2130 જપ્ત કરી તેની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 10/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### પોલીસે 21 હજારથી વધુ રોકડ જપ્ત કરી

# ભરૂચ - દહેજમાં બે સ્થળેથી જુગાર રમતાં 9 જણાં ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના નબીપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. તે વેળાં ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, સિતપોણ ગામે ભીલવાડા ફળિયામાં ખુલ્લી જગ્યામાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના કારણે ટીમે સ્થળ પર દરોડો પાડી જુગર રમતાં પ્રભાત હરી વસાવા, હરેશ વસંત વસાવા, જગદીશ નવઘણ ઉર્ફે નગટ વસાવા, સંજય લક્ષ્મણ વસાવા તેમજ અનવર ઈસ્માઈલ પટેલને ટીમે ઝડપી પાડ્યાં હતાં. ટીમે આરોપીઓની અંગ ઝડતી અને દાવપરથી મળી કુલ 10 હજારથી વધુની રકમ જપ્ત કરી હતી.

દહેજ પોલીસે ચોક્કસ બાતમીના અધારે જોલવા ગામે નવી નગરી વિસ્તારમાં રહેતાં સંજય રાઠોડના ઘરની પાછળ જામેલી જુગારની મહેફિલ પર દરોડો પાડ્યો હતો.

**DATE: 10/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# તાર વિંટાળેલી લાકડી સાથે ફરતો શખ્સ ઝડપાયો

**ભરૂચ** | નેત્રંગ પોલીસે દેડિયાપાડા રોડ તરફથી આવતી એક ક્રેટા કારને રોકી તેની પણ તલાશી શરૂ કરી હતી. જેમાં ચેક કરતાં કારની ડેકીમાંથી તાર વિંટાળેલી લાકડી મળી આવી હતી. જેના પગલે ટીમે કાર ચાલકનું નામઠામ પુછતાં તેનું નામ હિતેષ વલ્લભ મણવર (રહે. મારૂતિધામ સોસાયટી, જીન બજાર, નેત્રંગ) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે કારમાં તાર વિંટાળેલી લાકડી રાખવા સબબનું કારણ પુછતાં કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો.

**DATE: 10/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### અંકલેશ્વર તાલુકાનાં એક ગામની ઘટના

# વિધવા પર લગ્નની લાલચે દુષ્કર્મ આચરનાર ઝડપાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર તાલુકાનાં એક ગામની વિધવાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરનાર નરાધમને બી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યો હતો

અંકલેશ્વર તાલુકાનાં એક ગામમાં રહેતી ૨૭ વર્ષીય વિધવાને ગામના જ વિમલ નાનું વસાવાએ ફોન કરી વારંવાર પરેશાન કરી સંબંધ રાખવા જણાવતો હતો જો તું નહીં આવે તો હું મરી જઈશ તેમ કહેતા વિધવા તેની પાસે જતાં તેણે મહિલાને તું સંબંધ નહીં રાખે તો તારા બાળકોને મારી નાખીશ તેવી ધમકી આપી વિધવાને ગત તારીખ-૨૭-૨-૨૦૨૪ના રોજ રાતે અઢી કલાકે વિમલ વસાવા હાઈવે ઉપર લઈ ગયા હતા જ્યાંથી બસમાં બેસાડી સુરત ખાતે લઈ ગયા હતા. જ્યાં અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું.જે બાદ વિમલ વસાવાના ભાઈ સાથે મહિલાને તેના ગામમાં પરત લાવી તેને સાથે નહીં રાખવાનું કહેતા મહિલાએઅંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે ૩૭૬ હેઠળની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી નવા છાપરા ગામના વડ ફળિયામાં રહેતો વિમલ નાનું વસાવાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 11/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ક્રૂરતાપૂર્વક બાંધીને વહન કરાતાં હતાં

# આમોદના સુડી નજીકથી બે બળદ ભરેલા ટેમ્પો સાથે ચાલક ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

આમોદ પોલીસનો કાફલો સમની બીટમાં પેટ્રોલિંગમાં હતો. તે વેળાં ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક છોટાહાથી ટેમ્પોમાં પશુઓ ભરીને સમની તરફ જઇ રહ્યાં છે. જેના પગલે ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં ટેમ્પો આવતાં ટીમે તેને રોકી તપાસ કરતાં માલુમ પડ્યું હતું કે, ટેમ્પોમાં બે 15થી 20 વર્ષના બે બળદ ભરેલાં હોવાનું જણાયું હતું. વાહન ચાલકનું નામ નગીન સોમા મોરીપરમાર (રહે સમની, આમોદ) હોવાનું જણાયું હતું. નગીને તેના ટેમ્પોમાં બન્ને બળદને ટૂંકા દરોડા વડે બાંધી ગીચોગીચ અને હલનચલન ન કરી શકે તેમ ભરીને લઇ લઇ જવાઇ રહ્યો હતો. તેણે પશુઓ માટે ઘાસચારો પાણી પણ રાખ્યું ન હતું. પુછપરછમાં તેણે જણાવ્યું હતું કે, પરિએજ ગામે રહેતાં રુસ્તમ ઉમરજી ભગતે તેને જણાવ્યું હતું કે, કેરવાડા ગામની પાદરમાં પાણીની ટાંકી પાસે બે બળદો બાધ્યાં છે તે પરિએજ મારા ઘરે છોડી જા, જેથી તે લઇ જતો હતો. બનાવ સંદર્ભે આમોદ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# અંતરિમ હોટલના મેનેજર સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજીની ટીમ શહેર જિલ્લામાં પથિક સોફ્ટવેરમાં હોટલ સંચાલકો ગ્રાહકોની એન્ટ્રી કરે છે કે નહીં તેનું ચેકિંગ હાથ ધર્યું હતું. જેના પગલે તેમને અંતરિમ એક્સપ્રેસ હોટલમાં ચેકિંગ કરતાં તેમણે 1 જાન્યુઆરીથી 10 એપ્રિલ સુધીમાં એકપણ એન્ટ્રી ન કરી હોઈ મેનેજર સંજય ડાહ્યા સોલંકી (રહે. ઋષિકેશ નગર) સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.

**DATE: 11/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# કેલ્વીકૂવાનો વોન્ટેડ બુટલેગર ઝડપાયો

નેત્રંગ: નેત્રંગ પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે નેત્રંગ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા છ માસથી નાસતા ફરતા આરોપી રૂપેશ ઉર્ફે રૂપલો નંદલાલ વસાવા (રહે., નવી વસાહત, કેલ્વીકૂવા, તા.નેત્રંગ)ને ચોક્કસ બાતમીના આધારે જીનબજાર વિસ્તારમાં નેત્રંગ-કેલ્વીકૂવા રોડ પર આવેલી એપીએમસીના સબયાર્ડ પાસેથી ઝડપી પાડી જેલહવાલે કરાતાં નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓમાં ફફડાટ ફેલાઇ ગયો છે.

# અંકલેશ્વરમાં મુસાફરનું રૂપિયા ભરેલું પર્સ પરત કરી પોલીસ જવાને પ્રમાણિકતા બતાવી

**અંકલેશ્વરની** ગાર્ડન સિટીમાં રહેતી મહિલા બસમાં બેસી ધુલિયા જવા નીકળી હતી


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. બસ ડેપોમાં મુસાફરનું રૂપિયા સહિતની વસ્તુ ભરેલું પર્સ પરત કરી પોલીસ જવાને પ્રમાણિકતા બતાવી હતી.

અંકલેશ્વરની ગાર્ડન સિટીમાં રહેતા સુશીલ ભાસ્કર સોનીનાં માતા વિમલાબેન સોની બુધવારે સવારે અંકલેશ્વર જી.આઈ.ડી.સી. બસ ડેપોમાંથી બસમાં બેસી ધુલિયા ખાતે જવા નીકળ્યાં હતાં. દરમિયાન વૃદ્ધાનું રૂપિયા અને અન્ય વસ્તુ ભરેલું પર્સ પડી ગયું હતું. જે અંગે બસના કંડક્ટરે મહિલાના પરિવારજનોને જાણ કરી હતી. બાદ આ પર્સ અંકલેશ્વર-વાલિયા ચોકડી પાસે ફરજ બજાવતા પોલીસ જવાન નવનીત વસાવાને રૂપિયાને મળ્યું હતું. પોલીસ જવાને ભારે જહેમત ઉઠાવી સુશીલ સોનીનો સંપર્ક કરી તેમને વાલિયા ચોકડી પાસે બોલાવી ખરાઈ કર્યા બાદ પર્સ સુપરત કર્યું હતું. પોલીસ જવાનની પ્રમાણિકતા જોઈ વૃદ્ધાના દીકરાએ પોલીસ જવાનનો આભાર વ્યક્ત કર્યો હતો.

**DATE: 11/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આરોપી વલસાડમાં 6 વર્ષથી ફરાર હતો

# અંકલેશ્વરમાં ત્રણ વર્ષથી વોન્ટેડ બૂટલેગર પથારીયા ગામેથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે નોંધાયેલાં દારૂના કેસમાં 3 વર્ષથી વોન્ટેડ આરોપી ને પથારીયાના કુવા ફળીયામાંથી એલ.સી.બી ઝડપી પાડ્યો હતો.

એલસીબીની ટીમ વાલિયા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં છેલ્લા 3 વર્ષથી જ્યારે વલસાડ રૂરલ પોલીસ મથકે ડુપ્લીકેટ નંબર પ્લેટ લગાવી દારૂની હેરાફેરી માં વોન્ટેડ જીતેન્દ્ર ઉર્ફે જીતુ ડોન તેના પથારીયા ગામ ખાતે હોવાની માહિતી મળી હતી. પોલીસની ટીમે પથારીયાના કુવા ફળીયામાં દરોડો પાડતાં જીતેન્દ્ર ઉર્ફે જીતુ ડોન રામસીંગ વસાવા આબાદ ઝડપાઈ ગયો હતો. અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે 202 થી જ્યારે વલસાડ રૂરલ પોલીસ મથકે 2018 થી વોન્ટેડ હતો. તેની સી.આર.પી.સી એક્ટ હેઠળ તેની અટક કરી વાલિયા પોલીસમાં હવાલે કર્યો હતો.

**DATE: 12/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### પોલીસે રૂા.૪૨ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ભરૂચ સોસા.માંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

। ભરૂચ ।

ભરૂચ શહેરની નારાયણ રેસીડન્સી સોસાયટીમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે. રૂ .૪૨ હજાર કરતા વધુનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. આ બનાવ અંગે વિગતે જોતા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા તરફથી પોહિ/જુગાર ગેરકાયદેસરની પ્રવૃતિઓ અટકાવવા અંગે સ્પેશીયલ ડ્રાઈવ રાખવામાં આવેલ હતી જેના અનુસંધાને પોલીસ ઈન્સપેક્ટર વી.યુ.ગડરીયા ભરુચ શહેર ક્ષ્એખ ડીવીઝન દ્વારા ના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યુ હતુ ત્યારે બાતમી મળી હતી કે કુલદીપ કાલીદાસ સિદીવાલા રહે, નારાયણ રેસીડન્સી ભરૂચનાનો ગેલ ટાઉન શીપની સામે રોડ ઉપર ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરે છે તેવી બાતમી મળતા બાતમી વાળી જગ્યાએ શ્રવણ ચોકડી થઈ ગેલ ટાઉનશીપ ખાતેના રોડ ઉપર આવતા ગેલ ટાઉન શીપના ગેટની સામે આગળ રોડ ઉપર એક થેલી લઈને બે ઈસમ ઉભેલ હતો તેની પાસેની એક કાળા કલરની થેલીમાં જોતા તેમાથી ભારતીય બનાવટના વિદેશી દારૂ બોટલ નંગ-૦૩ મળી આવેલ તથા કુલદીપના ઘરે ચેક કરતા ઘરમાંથી એક બેગમા ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાંડની મોટી બોટલ નંગ-૦૮ મળી કુલ બોટલ નંગ-૧૧ મળી આવી હતી. જેની કુલ કિ.રૂ. ૩૩,૩૧૯ છે. જે અંગે ભરૂચ સીટી પોલીસ એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ રહી છે. પોલીસે જપ્ત કરેલા મુદ્દામાલમાં રૂા. ૩૩ હજારથી વધુનો દારૂનો જથ્થો ,મોબાઈલ નંગ -૦૧ જેની કિ.રૂ. ૫૦૦૦ તથા અંગ ઝડતીમાંથી મળેલ રોકડા રૂપિયા. ૪૦૦૦ મળી પોલીસે કુલ કિમત રૂપિયા ૪૨,૩૧૯નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## પોલીસે બે આરોપીને ઝબ્બે કર્યા, જ્યારે એકને વોન્ટેડ જાહેર કર્યો

રૂા. ૩૩ હજારના દારૂ પ્રકણમાં પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓમાં કુલદીપ કાલિદાસ સિધીવાલા રહે. નારાયણ રેસીડન્સી શ્રવણ ચોકડી,ભરૂચ, રૂપેશ રમાકંત શંખેત રહે તુલસી હોમ્સ,શ્રવણ ચોકડી,ભરૂચ જ્યારે વૉન્ટેડ આરોપીમાં નવીનભાઇ પીલાજી ચૌધરી રહે. સુરતનો સમાવેશ થાય છે.

**DATE: 12/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

મુસ્લિમ બિરાદરોએ ઈદની શુભકામના પાઠવી

# ભરૂચ જિલ્લામાં ઈદ-ઉલ-ફિત્રની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ

ઈદ નિમિત્તે ઘરોમાં ખીર બનાવવામાં આવી હતી

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં આજરોજ રમઝાન ઈદનો પર્વ ઉમંગ ભર્યા વાતાવરણમાં ઉજવાયો હતો. ઈદના પવિત્ર પર્વ નિમિત્તે મુસ્લિમ સમાજના લોકોએ એક બીજાને જયારે સર્વ ધર્મના લોકો એ મુસ્લિમ બિરાદરો ને ઈદની શુભકામના પાઠવી હતી..

દેશ દુનિયામાં મુસ્લિમ સમાજ દ્વારા રમજાન માસનું ઘણું મહત્વ છે રમજાન માસ એ મુસ્લિમ સમાજ માટે સૌથી પવિત્ર માસ ગણવામાં આવે છે આ માસ દરમિયાન કહેવાય છે કે પેગંબર સાહેબ ઉપર કુરાન અવતારિત થયું હતું અને રમજાન માસના રોજા મુસ્લિમો માટે ફરજિયાત કરવામાં આવ્યા હતા રમજાન માસના ૩૦ રોજા મુસલમાનો રોજા રાખે છે અને આ રોજાઓ દરમિયાન વહેલી સવારે ઊઠીને શહેરી કરે છે ત્યારબાદ આખો દિવસ દરમિયાન જરૂરી કામકાજની સાથે સાથે પણ પાંચ ટાઈમ ની નમાજ પડે છે વિશેષ ઈબાદત કરે છે અને કુરાનની તિલાવત કરે છે રાત્રિના ઈશાની નમાઝ બાદ તરહાવી ની નમાઝ પણ અદા કરે છે જ્યારે સાંજના સૂરજ ડૂબીયા બાદ ઈફ્તારી એટલે કે રોજો ખોલે છે સમગ્ર મુસ્લિમ સમાજ ઉપર ફરજ રોજામાં નવ વર્ષના બાળકથી લઈને વૃદ્ધ સુધીના લોકો આખો દિવસ ભૂખ્યા તરસ્યા રહીને અલ્લાની ઈબાદત કરે છે જ્યારે ૩૦ દિવસના રોજા થયા બાદ મુસ્લિમ બિરાદરો રમજાન ઈદ નો ચાંદ જોઈને બીજા દિવસે રમજાન ઈદ એટલે કે ઈદ ઉલ ફિત્ર ની ઉજવણી કરે છે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની નમાઝ બાદ દેશ દુનિયામાં શાંતિ સલામતી અને ભાઈચારો બની રહે તેવી દુઆઓ કરી હતી આજે ભરૂચ જિલ્લાની તમામ મસ્જિદોમાં અને ઈદગાહમાં વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી અને દેશ દુનિયામાં તરક્કી ભારતની થાય તેવી દુઆઓ કરવામાં આવી હતી એકબીજાને ઈદ ની શુભેચ્છાઓ પાઠવી હતી સાથે ઘરોમાં સીર ખુરમો એટલે કે ખીર બનાવવામાં આવી હતી.



ભરૂચ પથકમાં મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ અદા કરી હતી.

## અંકલેશ્વર ખાતે રમજાન ઈદની ઉજવણી કરાઈ

અંકલેશ્વર : આજરોજ રમઝાન ઈદના પર્વની અંકલેશ્વરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ બિરાદરોએ ઈદગાહ મેદાન પર ઈદની નમાઝ અદા કરી એકમેકને શુભકામના પાઠવી હતી મુસ્લીમોના પવિત્ર રમઝાન માસની પૂર્ણાહુતિ થઈ ગઈ છે. એક માસ સુધી રોઝા રાખી અલ્લાહ ની ઈબાદત કર્યા બાદ આજરોજ ગુરૂવારે ઉત્સાહ સાથે રમઝાન ઈદના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. અંકલેશ્વરના ઈદગાહ મેદાન પર ઈદની નમાઝનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ અદા કરી અલ્લાહની બંદગી ગુજારી હતી અને એકમેકને ઇદના પર્વની શુભકામના પાઠવવામા આવી હતી.રમજાન ઈદ નિમિત્તે પોલીસે ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો. અંકલેશ્વર શહેર તેમજ જીઆઇ ડીસીમાં ઠેર ઠેર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા હતા. જોકે સંપૂર્ણ શાંતિ અને ભાઈચારાના માહોલ વચ્ચે બંને પર્વની ઉજવણી સંપન્ન થઈ હતી.

**DATE: 12/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભાડે આપવાના બહાને 36 કાર વેચી દેવાઇ હતી

# અંકલેશ્વર કાર કૌભાંડમાં ફરાર વચેટિયો ઉધનામાં ઘરેથી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના જીતાલી ગામના પિતા અને પુત્રએ તેમના સાગરિતો સાથે ભેગા મળી કંપનીઓ તેમજ સરકારી કચેરીઓમાં કાર ભાડે મુકવાના બહાને બારોબાર વેચી મારી કરોડો રૂપિયાનું કૌભાંડ કર્યું હતું. આ કેસમાં વચેટીયાને સુરતના ઉધનાથી ઝડપી લેવાયો છે. ડિસેમ્બર 2023માં જીતાલીના પિતા-પુત્ર ફેઝાન શેખ અને જાવીદ શેખ સહીત ચાર આરોપી સામે 1.45 કરોડની 36 કાર સગેવગે કરવા સબબ ફરિયાદ નોંધાઇ હતી. આ ટોળકીએ કારમાલિકો પાસેથી તેમની કાર પડાવી લઈને બારોબાર વેચી મારી હતી. છેલ્લા 4 મહિનામાં 36 પૈકી 32 કાર રિકવર કરવામાં આવી છે તથા મુખ્ય સુત્રધાર સહિત 8 આરોપીને ઝડપી લેવાયાં છે. વચેટિયાનીભૂમિકા ભજવનાર સુરત ઉધનાના મહંમદશા બલદરશાને પણ ઝડપી લેવાયો છે. આરોપી ઉધના ખાતે તેના નિવાસે આવ્યો હોવાની બાતમી પેરોલ ફર્લો સ્કોર્ડને મળતા તેને ઝડપી પાડી અંકલેશ્વર લવાયો છે.

**DATE: 12/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# અંકલેશ્વરમાં 3 ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

છેલ્લા 8 મહિનાથી પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતાં મહારાષ્ટ્રના કોંકણીહીલના આરોપીને પોલીસે ઝડપી પાડયો છે.સુધારક શ્રીરંગસાનપ નામના આરોપીને તેના ઘરેથી ઝડપી પાડીને અંક્લેશ્વર લાવવામાં આવ્યો છે. તે અંક્લેશ્વર જીઆઈડીસી પોલીસ મથક્માં પણ પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ હોવાનું સામે આવતા તે દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 14/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી મોબાઈલ ચોર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર રાજપીપલા રોડ પર આવેલ ડી માર્ટ ખાતે તાજેતરમાં ખરીદી કરવા આવેલ ગ્રાહકનો મોબાઈલ ચોરાયો હતો. ચોરીનો મોબાઈલ લઈ એક ઈસમ પ્રતિન ત્રણ રસ્તા રેલ્વે સ્ટેશન નજીક આવ્યો હોવાની માહિતી મળતાં પોલીસે વોચ ગોઠવી હતી. અંદાડાના ગોકુલધામ સોસાયટી ખાતે રહેતા વિનોદ પરમારને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ચોરી નો મોબાઈલ પણ રિકવર કર્યો હતો.

**DATE: 14/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### નવા દીવાની કૈલાસ ટેકરી વિસ્તારમાં પોલીસના દરોડા

# ઓએનજીસીના ડ્રમમાંથી ક્રુડ ઓઇલ બારોબાર સગેવગે કરતાં 4 સકંજામાં

### ડ્રમમાં કાણું પાડી તેમાં રહેલું ઓઇલ બીજા કારબામાં કાઢી લેતાં હતા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરના નવાદીવા ગામના કૈલાસ ટેકરીમાંથી ક્રૂડ ઓઈલ સગેવગે કરવાનું કૌભાંડ ઝડપી પાડી ચાર ઈસમની અટક પોલીસે કરી હતી. ક્રૂડ ઓઈલ 6,76 લાખ અને 10 લાખ નો આઈસર ટેમ્પો 13 હજાર 2 મોબાઈલ મળી કુલ 19.75 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

નવાદીવા ગામના કૈલાસ ટેકરીમાં રહેતો ગોપાલ રમણ વસાવા તેના ઘર પાસે તેના અન્ય સાગરીતો મારફતે આઈસર ટેમ્પોમાં ક્રૂડ ઓઈલ ભરેલ બેરલમાંથી ગેરકાયદેસર રીતે અલગ કરવામાં તેમજ બેરલમાં કાઢી ઓઈલ ચોરી કરી રહયો હતો ત્યારે એ ડિવિઝન પોલીસે દરોડો પાડયો હતો. જેમાં ચાર ઈસમો બેરલોનું સીલ તોડતા ઝડપાઈ ગયાં હતાં. ટેમ્પોમાં રહેલ 30 બેરલ પૈકી આઠ બેરલ તૂટેલી હાલતમાં અને જેમાંથી પ્લાસ્ટિકના કેરબામાં 20 લિટર ક્રૂડ ઓઈલ સગેવગે કર્યું હોવાનું સામે આવ્યું હતું. ઓઈલ સગેવગે કરતાં રાકેશ રાઠોડની પૂછપરછ કરતાં તે અન્ય બે કામદાર સાથે મજૂરી તરીકે આવ્યો હોવા હોવાનું જણાવ્યું હતું. ગોપાલ વસાવાએ તેમને ફોન કરી ઓઈલ ભરેલ ટેમ્પો આવે ત્યારે તેમાંથી ક્રૂડ ઓઈલની ચોરી કરવા કહયું હતું. આ ઓઈલ વાગરા તાલુકાના ગંધાર જતા હેવાનું પણ તેમણે જણાવ્યું હતું. બાપુ નગરના ગાંધી માર્કેટમાં રહેતો ટેમ્પો ચાલક નુરૂલહોડા અબ્બાસ ખાન સુબાખાન, મુકેશ ઝીણા વસાવા, કૌશિક ભગું વંસાવા, રાકેશ ચીમન રાઠોડને ઝડપી પાડ્યો હતો જ્યારે મુખ્ય સૂત્રધાર ગોપાલ વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે કુલ 19 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## હવે ઓએનજીસીની ફરિયાદ પર મદાર

પોલીસ દ્વારા હાલ સી.આર.પી.સી 41 (1) ડી મુજબ ગુનો નોંધી તપાસ શરુ કરી છે. અને આ અંગે અંકલેશ્વર ઓએનજીસી ના સંબંધિત વિભાગ ને જાણ કરી હતી. હાલ આ અંગે સત્તાવાર ફરિયાદ દાખલ કરવામાં આવી નથી ત્યારે ઓએનજીસી સિક્યુરિટી વિભાગ કે મેનેજમેન્ટ દ્વારા આ બાબતે સત્તાવાર ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસ ઓઈલ ચોરી કૌભાંડમાં મોટો ફોડ પાડી શકે છે.

## ઓઈલ ચોરી કરી ફેવિક્વિકથી ડ્રમનું કાણું સિલ કરતાં હતા

ઓએનજીસીમાંથી નીકળતા બેરલમાંથી ચોરી ઓઈલ ચોરો દ્વારા ઓએનજીસીમાંથી ક્રૂડ ઓઈલ અને ડીઝલનો જથ્થો જે સીલબંધ ડ્રમ નિયત સ્થળે મોકલવામાં આવતું હોય છે. જેને ઓઈલ માફિયા દ્વારા ડ્રાઈવર સાથે સાંઠગાંઠ કરી 200 લીટરના ડ્રમ માં કાણું પાડી અંદર થોડું ઓઈલ કે ડીઝલ હોય તે કાઢી લેતા હતા. અને તેના ફેવિક્વિકની મદદ થી બંધ કરી જથ્થો રવાના કરી દેતા હતા.